IJCRT.ORG ISSN : 2320-2882
INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)
An International Open Access, Peer-reviewed, Refereed Journal

# ગુજરાત રાજ્યની સરકારી શાળાઓનુંપરિવર્તન:સ્કૂલ ઓફ એક્સલન્સ પ્રોગ્રામ

**Dr. Kaushalkumar H. Parekh**
**Principal,**
**Jay Jalaram Snatak Adhyapan Mandir,**
**Thava, Ta: Netrang , Dist: Bharuch.**

**Parmar Vipulbhai G**
**Ph. D. Scholar**
**Asst.Teacher, Smart School Allu.**
**Ta: Bardoli, Dist: Surat.**

**સારાંશ:**

સારુ શિક્ષણ એક સામાન્ય માનવીની ભાષામાં કોને કહેવાય, કે દરેક બાળક શાળામાં પ્રવેશ મેળવે, પ્રવેશ મેળવ્યા પછી એને શાળાએ આવવુ ગમે.એક વાર શાળા એ આવ્યા પછી દરરોજ શાળાએ આવવુ ગમે,અને જો આવુ થાય તો બાળકના અધ્યયનમાં ખુબ સુધારો થાય, અને જો આ સુધારો થાય તો એ પોતના ધોરણ અને વય ને અનુરૂપ અધ્યયન નિષ્પત્તિઓ એટલે કે Grade Appropriate Learning Outcomes પ્રાપ્ત કરી શકે. આવુ ત્યારે શકય બને જ્યારે શાળાઓ ભૌતિક સુવિધાથી સજ્જ,શાળાની અંદર STEM-Labs એટલે કે Science Technology, Engineering and Mathematics Labs ની સાથે-સાથે ભાષાની પણ પ્રયોગશાળા હોય.આવી શાળા એટલે ગુજરાત રાજ્યની અંદર ૨૦૨૬ સુધીમાં ૨૦,૦૦૦ શાળાઓનું નિર્માણ કે જે સ્કૂલ ઓફ એક્સલન્સ તરીકે ઓળખાશે. આ પ્રોગ્રામ થકી ૧ કરોડ જેટલા વિદ્યાર્થીઓ કે જેઓ સરકારી શાળાની પ્રણાલીમાંથી પસાર થઇ આગળ વધશે,પાસ થશે,તેમને સારી માળખાગત સુવિધાઓ અને શિક્ષણ પદ્ધતિઓનો લાભ મળશે.

## ૧.પ્રસ્તાવના:-

વિદ્યાર્થીના શિક્ષણનું પહેલુ પગથિયુ એટલે પ્રાથમિક શાળા. પરંપરાગત લગભગ દરેક સમાજના બાળકની ૫ થી ૭ વર્ષની વય તેનો પ્રારંભ થાય છે અને ૧૪ વર્ષની વય સુધી તે ચાલુ રહે છે.આમાં આરંભ ના વર્ષોમાં બાળકને વાંચન ,લેખન અને ગણનમાં આવતી સરળ ગણતરીઓથી પરિચિત કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે.ત્યાર પછીના વર્ષોમાં ભાષા,ગણિત,સમાજશાસ્ત્ર અને વિજ્ઞાનના વિષયો બાળકના પરિચય માટે ઉમેરવામાં આવે છે.પ્રાથમિક શાળાનું શિક્ષણ વિદ્યાર્થીઓના જીવનકાળ માટે મહત્વનો ભાગ બની રહે છે.જેથી સરકાર સંચાલિત પ્રવર્તમાન સમયની વિવિધ અમલી યોજનાઓ જેવી કે સર્વ શિક્ષા અભિયાન,જ્ઞાનકુંજ, રાઇટ ટુ એજ્યુકેશન અને પ્રજ્ઞા અભિગમ જે પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે શિક્ષણના પ્રચાર-પ્રસારની અભિવ્યક્તિ છે. શિક્ષણની ગુણવત્તા વધારવા માટે સરકાર સંચાલિત પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા અને ઉચ્ચતર માધ્યમિક શાળા તેમજ ગ્રાંટ-ઇન-એઇડ માધ્યમિક શાળા અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં સ્કૂલ ઓફ એક્સલન્સ કાર્યક્રમ અમલમાં મુકવામાં આવ્યો છે.આ કાર્યક્રમને “Gujarat-Outcomes for Accelerated Learning (GOAL), અને School Education Excellence Program (SEEP) ના નામે ઓળખાય છે.

આ કાર્યક્રમ અંતર્ગત સમાજમાં સરકારી શાળાઓની છાપમાં સુધારો કરવાનો, વિદ્યાર્થીઓ ઉચ્ચ કક્ષાએ વિચારવાની કુશળતા મેળવી શકે, અધ્યયન નિષ્પત્તિઓમાં સફળતા મેળવે.આવી બાબતને ધ્યાનમાં રાખીને આ પ્રોગ્રામ સ્કૂલ ઓફ એક્સલન્સનું આયોજન કરવામાં આવ્યુ છે.

## ૨.શબ્દો ની પરિભાષા:

સ્કૂલ ઓફ એક્સલન્સ: સરકારી પ્રાથમિક શાળાઓ તેમજ સરકારી અને ગ્રાંટ-ઇન-એઇડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ કાર્ય સુધારણા માટે તેમજ શાળાને ભૌતિક સુવિધાથી સજ્જ કરવા માટે જે કાર્યક્રમ અમલમાં મુકવામાં આવેલ છે, તે સ્કૂલ ઓફ એક્સલન્સ.

## ૩.હેતુઓ:

- સ્કૂલ ઓફ એક્સલન્સ પ્રોગ્રામ નો અભ્યાસ કરવો.
- સ્કૂલ ઓફ એક્સલન્સ પ્રોગ્રામના મુખ્ય ઉદ્દેશ્યનો અભ્યાસ કરવો.
- સ્કૂલ ઓફ એક્સલન્સ માટે શાળાઓ પસંદગીની પ્રક્રિયાનો અભ્યાસ કરવો.
- સ્કૂલ ઓફ એક્સલન્સ ની ગ્રેડ નક્કી કરવાની પદ્ધતિ નો અભ્યાસ કરવો.
- સ્કૂલ ઓફ એક્સલન્સ માટે ના સંભવિત પડકારો નો અભ્યાસ કરવો.

## ૪. સંશોધન પદ્ધતિ:

આ સંશોધન એક વર્ણનાત્મક અભ્યાસ છે.તેમા માહિતિ એકત્રિત કરવા માટે ગુજરાત સરકારની વિવિધ વેબસાઇટ્સ, DIKSHA APPLICATION, GCERT PORTAL, સામયિકો, જર્નલ્સ, બાઇસેગ કાર્યક્રમ વગેરે નો ઉપયોગ કરવામાં આવેલ છે.

## ૫. તારણો:

૫.૧) સ્કૂલ ઓફ એક્સલન્સ એ ભારતની સૌથી મોટી સ્કૂલ ટ્રાન્સફોરમેશન પ્રોગ્રામ છે, જે આખા દેશમાંથી ગુજરાત રાજ્ય દ્વારા શાળાકીય વાતાવરણ તેમજ શિક્ષણમાં આમૂલ પરિવર્તન લાવવા માટે પહેલ આપણા ગુજરાત રાજ્ય દ્વારા શરુ થઇ.

- બજેટ ૨૦૨૦-૨૧માં ગુજરત સરકારે ૫૦૦ શાળાઓને સ્કૂલ ઓફ એક્સલન્સ તરીકે વિકસાવી
- આ પ્રોગ્રામ ૬ વર્ષ એટલે કે ૨૦૨૧ થી ૨૦૨૬ સુધીમાં કાર્યરત થશે.
- આ પ્રોગ્રામ વર્લ્ડ બેંક અને એશિયન ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટ્મેન્ટ બેંક (AIIB) સહયોગથી કરવમાં આવેલ.
- આ પ્રોગ્રામ 'Gujarat-Outcomes for Accelerated Learning' (GOAL) અને School Education Excellence program (SEEP) ના નામે ઓળખાશે.
- ગુજરાતની કૂલ ૪૦,૦૦૦ શાળાઓ માંથી ૫૦% શાળાઓમાં ૮૦% વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.આવી ૧૨૦ થી વધુ વિદ્યાર્થીઓ ની સંખ્યા ધરાવતી શાળાઓને સ્કૂલ ઓફ એક્સ્લન્સ બનાવવામાં આવશે.
- સ્કૂલ ઓફ એક્સલન્સ શરુ કરવાનું વર્ષવાર આયોજન.

| વર્ષ | રેસિડેન્સિયલ સ્કૂલ | એમર્જિંગ સ્કૂલ | એસ્પાયરિંગ પ્રાથમિક શાળા | એસ્પાયરિંગ માધ્યમિક અને ઉ.મા.શાળા | કૂલ |
|---|---|---|---|---|---|
| ૨૦૨૧-૨૨ | ૫૦ | ૨૦૦ | ૯૦૦ | ૫૦૦ | ૧,૬૫૦ |
| ૨૦૨૨-૨૩ | ૧૫૦ | ૮૦૦ | ૯૦૦ | ૫૦૦ | ૨,૩૫૦ |
| ૨૦૨૩-૨૪ | ૧૫૦ | ૨,૦૦૦ | ૯૦૦ | ૫૦૦ | ૩,૫૫૦ |
| ૨૦૨૪-૨૫ | - | ૩,૦૦૦ | ૩,૧૫૦ | ૧,૭૫૦ | ૭,૯૦૦ |
| ૨૦૨૫-૨૬ | - | - | ૩,૧૫૦ | ૧,૭૫૦ | ૪,૯૦૦ |
| કૂલ | ૩૫૦ | ૬,૦૦૦ | ૯,૦૦૦ | ૫,૦૦૦ | ૨૦,૩૫૦ |

- સ્કૂલ ઓફ એક્સલન્સ પ્રોગ્રામ માં ત્રણ પ્રકારની શાળાઓની સંકલ્પનાઓ આપવામાં આવી છે.

**(અ) રેસિડેન્સિયલ સ્કૂલ ઓફ એક્સલન્સ:**

- ૩૦૦ થી વધુ વિદ્યાર્થીઓ ધરાવતી શાળા,
- ધો. ૬ થી ૧૨ સુધીની નિવાસી શાળા,
- પ્રવેશ પરિક્ષા માત્ર સરકારી શાળા માં અભ્યાસ કરતા બાળકો જ આપી શકે,
- કન્યાઓ માટે ઓછામાં ઓછી ૫૦% સીટો અનામત,
- વૈશ્વિક ભૌતિક સુવિધાથી સજ્જ શાળાઓ,
- દરેક વર્ગખંડ –સ્માર્ટ ક્લાસ રૂમ,
- STEM Labs,
- પર્યાવરણ પ્રયોગશાળા,
- અંગ્રેજી-ભાષા પ્રયોગશાળા,
- વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકો માટે રિસોર્સ રૂમ,
- વિશિષ્ટ વિષય શિક્ષકો,
- વિવિધ કૌશલ્ય ના શિક્ષકો,
- વૈવિધ્યપૂર્ણ તાલિમ કાર્યક્રમો,
- GSQAC અને વિદ્યા સમીક્ષા કેંદ્ર દ્વારા દેખરેખ,નિયંત્રણ,મૂલ્યાંકન,અને માર્ગદર્શન.
- અલગ અલગ શાળાઓ સાથે Twinning કાર્યક્રમ.

**(બ) એમર્જિંગ સ્કૂલ ઓફ એક્સલન્સ:**

- કુલ ૬,૦૦૦ શાળાઓ,
- ક્લસ્ટર દીઠ સરેરાશ ૨ શાળાઓ,
- ૧૨૧ થી વધુ વિદ્યાર્થી ધરાવતી શાળામાં HTAT ભરતી,

**(ક ) એસ્પાયરીંગ સ્કૂલ ઓફ એક્સલન્સ:**

- રાજ્યમાં આવી ૯,૦૦૦ પ્રાથમિક શાળાઓ
- ૧,૦૦૦ સરકારી માધ્યમિક/ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,
- ૪૦૦૦ ગ્રાંટ-ઇન-એઇડ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,

૫.૨) સ્કૂલ ઓફ એક્સલન્સ નો મુખ્ય ઉદ્દેશ્યમાં ૨૦૨૪ માં PISA (Program For International Students Assesments ) માં ભાગીદારી નોંધાવવા વિદ્યાર્થીઓમાં હાયર ઓર્ડર થિંકિંગ સ્કિલ નો વિકાસ કરવાનો.

ગુજરાતની સ્કૂલ ઓફ એક્સલન્સ માં વિશ્વ સ્તરની ભૌતિક અને ટેકનોલોજી સભર સુવિધાઓ પૂરી પાડી, શ્રેષ્ઠ અધ્યયન-અધ્યાપન પદ્ધતિઓ અપનાવી શિક્ષણની ગુણવત્તામાં સુધારો કરવો.

દરેક બાળક પોતાના શિક્ષણ કાર્યના ધોરણાને વયને અનુરૂપ ૮૦% અધ્યયન નિષ્પત્તિઓ ને સિદ્ધ કરે, તે માટે SAT-PAT જેવી કસોટી દ્વારા ઉપચારાત્મક કાર્ય.

શાળાનાં નામાંકન માં ૨૦% નો વધારો.

GSHSEB દ્વારા સ્કૂલ ઓફ એક્સલન્સ માટે એક્સલન્સ અભ્યાસક્રમ, બે ભાષાઓમાં ગુજરાતી-અંગ્રેજી, NEP-૨૦૨૦ અંતર્ગત આ અભ્યાસક્રમ ૨૧મી સદી-સ્કિલ ડેવલપમેન્ટ પર કેન્દ્રિત.Coding-Decoding, Artificial Intelligence, Machine Learning જેવી ટેકનોલોજી નું પ્રશિક્ષણ.

ઓછા બાળકોની સંખ્યા ધરાવતી નાની શાળાના વિદ્યાર્થીઓને સ્કૂલ ઓફ એક્સલન્સ માં પ્રવેશ આપીને આધુનિક સુવિધા પુરી પાડી, શાળાનુ એકીકરણ કરવામાં આવશે. દૂરના વિદ્યાર્થીઓ માટે પરિવહન સુવિધા,

૫.૩) સ્કૂલ ઓફ એક્સલન્સ માટે શાળાની પસંદગી માટે ત્રિ-સ્તરીય સૂચિત પ્રક્રિયા હોય છે.

- પ્રથમ સ્તર ( વિદ્યા સમીક્ષા કેંદ્ર દ્વારા સંભવિત સાળાની સુચી)
  - નામાંકન
  - શિક્ષકોની ઉપલબ્ધતા
  - સત્રાંત પરિક્ષામાં મેળવેલ સરેરાશ ગુણ
  - ગુણોત્સવ માં મેળવેલ ગુણાંકન
  - વિધાર્થીઓની હાજરી
  - પૂરતા વર્ગખંડ,જ્ઞાનકુંજ પ્રોજેક્ટ,કમ્પ્યુટર લેબ જીવી માળખાકીય સુવિધા.
- દ્વિતિય સ્તર (જિલ્લા દ્વારા ચકાસણી અને ભલામણ)
  - વર્તમાનમાં ઉપલબ્ધ સંસાધનોની ગુણવત્તા
  - ભવિષ્યમાં માળખાકીય સુવિધાઓનો વિકાસ માટે જમીનની ઉપલબ્ધતા
  - બાલ વાટિકા,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની ઉપલબ્ધતા
  - લોક સમૂદાયની ભાગીદારી
- તૃતીય સ્તર( જિલ્લા દ્વારા ચકાસણી અને ભલામણ)
  - જિલ્લા માથી વાસ્તવિક જમીનની હકીકત,મેદાન તેમજ અન્ય જગ્યાના આધારે શાળાઓની ભલામણ કરશે.
  - વિધા સમીક્ષા કેંદ્ર દ્વારા નક્કી થયેલ શાળાની યાદી જાહેર

૫.૪) દરેક સ્કૂલ ઓફ એક્સલન્સ ને પ્રત્યેક ૧૦૦ દિવસના અંતે GSQAC ટીમ દ્વારા શાળાનુ મુલ્યાંકન કરવામા આવે છે,મુલ્યાંકનના માપદંડો ના આધારે શાળાને Merit certificate, Distinction certificate અને Excellence Certificate આપવામાં આવે છે.

Merit certificate : ૫૦% થી ૭૦% બાળકો ૮૦% કે તેનાથી વધુ ધોરણ અનુરૂપ અધ્યયન નિષ્પત્તિઓ મેળવે., ૮૦% બાળકો FLN કૌશલ્ય કેળવે. GSQAC માં 1 સ્ટાર રેટીંગ મેળવે.

Distinction Certificate : ૭૦% થી ૮૦% બાળકો ૮૦% કે તેનાથી વધુ ધોરણ અનુરૂપ અધ્યયન નિષ્પત્તિઓ મેળવે, ૯૦% બાળકો FLN કૌશલ્ય કેળવે. GSQAC માં 2 સ્ટાર રેટીંગ મેળવે.

Excellence Certificate : ૮૦% થી વધારે બાળકો ૮૦% કે તેનાથી વધુ ધોરણ અનુરૂપ અધ્યયન નિષ્પત્તિઓ મેળવે ૯૫% બાળકો FLN કૌશલ્ય કેળવે. GSQAC માં 3 સ્ટાર રેટીંગ મેળવે

૫.૫) સ્કૂલ ઓફ એકસલન્સ પ્રોગ્રામ ને સફળ બનાવવા માટે તેમજ તેના ઉદ્દેશ્ય ને સાકાર કરવા માટે કેટલાક સંભવિત પડકારોનો સામનો કરવો પડશે.

a) અધ્યયન નિષ્પત્તિ પ્રમાણે અધ્યયન કરવાથી શિક્ષક મુક્ત રીતે ભણા વી શકશે નહી.
b) દરેક બાળક માટે પોતાના ધોરણની ૮૦% અધ્યયન નિષ્પત્તિઓ સિધ્દ્ કરાવવાનું કામ શિક્ષક માટે કઠિન બનશે.
c) અન્ય પ્રવ્રુતિઓ પર વિશેષ ભાર હોવાથી અધ્યયન કાર્ય બગડી શકે.
d) શિક્ષક અને વિધાર્થીઓ ને સમય ઓછો મળશે જેના કારણે તેમના વચ્ચે અતંર વધી શકે અને સુમેળ ભર્યુ વાતાવરણ ન પણ સર્જાય.
e) જ્યા સુધી શિક્ષકોની નોકરીનો પ્રશ્ન છે,કે સરકારી નોકરીમાં લાગ્યા પછી કોઇ શિક્ષકની નોકરીને અત્યાર સુધી કોઇ જોખમ ઊભું થયુ નથી. પરંતુ સ્કૂલ ઓફ એકસલન્સ પી.પી,પી મોડેલ પર આધારીત હોવાથી સરકારી શિક્ષક નહી હોય અને કોન્ટ્રાકટ આધારિત શિક્ષક હશે.
f) મુખ્યત્વે પ્રાથમિક શિક્ષકે બધી દિશાઓ માંથી અપ-ડેટ રેહવુ પડશે.
g) કાગળકામ, ફાઇલ વર્ક અને અધિકારિઓની સતત મુલાકાતો વધી જશે.
h) અન્ય કામોનું ભારણ વધી જવાને કારણે શિક્ષકો માં માનવીય સંબંધ ઓછો થઇ શકે.જ
i) શાળાનુ એકીકરણ થવાથી શિક્ષકો અને વિધાર્થીઓને તકલીફ પડી શકે.

## સંદર્ભ- સુચિ

૧) “ નવી શિક્ષણ નીતિ”, ૨૦૨૦, માનવ સંશાધન વિકાશ મંત્રાલય, ભારત સરકાર.

૨) www.gcert.gujarat.gov.in

3) www.ictnv.weebly.com

4)www.ssagujarat.org

5) www.wingofeducation.com